# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-10-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## દિવાળીના ફટાકડા ફોડવા અંગેની સૂચનાઓ

દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ફટાકડા ફોડવા અંગેની નવી સૂચનાઓ જાહેર કરી છે. વાયુ અને ધ્વનિ પ્રદૂષણને અટકાવવાના ઉદ્દેશ્ય સાથે, સરકારે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું કડક પાલન કરવાનો નિર્ણય લીધો છે. આ નિયમો અનુસાર, દિવાળીની રાત્રે માત્ર 8થી 10 બે કલાક સુધી જ ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકારની સૂચનાઓ મુજબ, પર્યાવરણ પર વિપરીત અસર અને આગ લાગવાના બનાવો ન બને તે માટે રાતના 10 વાગ્યાથી સવારના 6 વાગ્યા સુધી ફટાકડા ફોડવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી છે. આ ઉપરાંત, સરકારે વધુ ઘોંઘાટ કરતા ફટાકડા ફોડવા પર પણ પ્રતિબંધ લગાવ્યો છે. આ સૂચનાઓનું કડક પાલન કરાવવા માટે તંત્ર સક્રિય બન્યું છે, જેથી તહેવારો દરમિયાન પર્યાવરણની જાળવણી કરી શકાય.

**---------------------------------------------------------------------------------------**

## મહાનગરપાલિકા, નગરપાલિકા – અમૃત યોજના

સરકારે તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકામાં પાયાની માળખાકીય સુવિધા માટે 16 હજાર 316 કરોડ રૂપિયાથી વધુના 927 કામ મંજૂર કર્યા છે. અમૃત યોજનાના બીજા તબક્કા હેઠળ આ કામ મંજૂર કરાયા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

આ યોજના હેઠળ તમામ નગરપાલિકા તથા મહાપાલિકા વિસ્તારમાં પાણી પૂરવઠા, બાગ-બગીચા અને તળાવ નવીનીકરણ કામ તેમજ રાજ્યના 31 અમૃત શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાના કામ પણ હાથ ધરાયા છે. ગત પાંચ વર્ષમાં આ યોજના હેઠળ મહાનગરપાલિકા

વિસ્તારમાં પાણી પૂરવઠાને લગતા ચાર હજાર 931 કરોડ રૂપિયાના 149 કામ, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપનના પાંચ હજાર 437 કરોડ રૂપિયાના 112 કામ, તળાવ નવિનીકરણના 207 કરોડ રૂપિયાના 37 સહિત અનેક કામ મંજૂર કરાયા છે.

---------------------------------------------------------------------------------------

## ખોરાક અને ઔષધ નિયમન તંત્ર

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી દરોડામાં 41 લાખ રૂપિયાના ભેળસેળયુક્ત-શંકાસ્પદ ખાદ્ય પદાર્થોની જપ્તી અને નાશ કરાયો છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ 13 દરોડા દરમિયાન કુલ 8 હજાર 684 કિલો જપ્ત કરાયેલા જથ્થામાંથી 2 હજાર 861 કિલો અખાદ્ય ચીજ વસ્તુઓનો નાશ કરાયો.

ઉલ્લેખનીય છે દિવાળીના તહેવાર પૂર્વે રાજયમાં 3થી 11 ઑક્ટોબર દરમિયાન તંત્ર દ્વારા વિશેષ ઝુંબેશનું આયોજન કરાયું હતું, જેમાં ઘી, દૂધ-દૂધ ઉત્પાદનો, તેલ, મીઠાઈ અને બેકરી આઈટમ સહિતના કુલ 2 હજાર 799 ખાદ્ય નમૂનાઓ એકત્ર કરાયા હતા.

---------------------------------------------------------------------------------------

## ભુજ, અંજાર, માંડવી ખાતે દીપોત્સવ

આગામી દીપોત્સવી તહેવારોને અનુલક્ષીને વિવિધ સંસ્થા દ્વારા દીપોત્સવનું આયોજન કરાયું છે, જેમાં આગામી 17મીએ માંડવીના શ્યામજી કૃષ્ણવર્મા સ્મારક, 18મીએ ભુજના સ્મૃતિવન અને 19મીએ અંજારના વીર બાળ સ્મારક ખાતે આયોજન કરયું છે. આ સાથે મારું ઘર સ્વદેશી ઘરના સ્લોગન સાથે આત્મનિર્ભર ભારત માટે પણ લોકોને પ્રેરવામાં આવશે. વધુમાં મળતી માહિતી મુજબ છેલ્લાં ચાર વર્ષથી યોજાતા આ દીપોત્સવને કચ્છના લોકોએ વધાવ્યો છે અને આ વર્ષે પણ વધુમાં વધુ લોકો જોડાય એ પ્રકારનું આયોજન કરવામાં આવશે. દીપોત્સવ એ ભુજના નાગરિકો માટે છે અને ભુજના લોકો દ્વારા થતું આયોજન છે એટલે વધુમાં વધુ લોકો આ દીપોત્સવમાં જોડાય તેવું આહ્વાહન કરાયું છે.

---------------------------------------------------------------------------------------

## ભુજ- સરકારી આયુર્વેદ હોસ્પિટલ

સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજ તથા સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ રાજકોટના સંયુક્ત ઉપક્રમે સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ભુજ ખાતે આજરોજ પુષ્યનક્ષત્રના દિવસે "સુવર્ણપ્રાશન કેમ્પ" નું આયોજન કરાયું છે. જેમાં જન્મથી ૧૨ વર્ષની ઉંમર સુધીના બાળકોના શારીરિક તથા માનસિક વિકાસ અર્થે ઉત્તમ એવા "સુવર્ણપ્રાશનનાં ટીપા" નિઃશુલ્ક સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ અને સાંજે ૪ થી ૫.૩૦ દરમિયાન પીવડાવવામાં આવશે. એમ વૈધ પંચકર્મ વર્ગ-૧,સરકારી આયુર્વેદ હોસ્પિટલની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

------------------------------------------------------------------------------------------

## નખત્રાણા – એસટી ડેપોમાં નવી બસો

નખત્રાણા એસ.ટી. ડેપોમાં વધુ 2 નવી બસ વાહનવ્યવહાર નિગમ દ્વારા ફાળવવામાં આવતા તેની લોકાર્પણવિધિ ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે રાજકીય અગ્રણીઓ, એસટી ડેપોના મેનેજર, કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. નખત્રાણાથી પાલનપુર 438 કિમી જેટલા રૂટની વેપારીઓ, આમ જનતા માટે ઉપયોગી  નવી બસો મળતા આનંદની લાગણી ફેલાઈ હતી. આ રૂટની બસ નખત્રાણાથી બપોરે 11 વાગ્યે ઉપડી રાધનપુર રાત્રે 9.30 કલાકે પહોંચશે, જ્યારે પાલનપુરથી સાંજે 7.30 કલાકે ઉપડી સવારે 6 કલાકે નખત્રાણા પહોંચશે, તેવી વિગતો અપાઈ હતી.

------------------------------------------------------------------------------------------

## ભચાઉ આરોગ્ય કેન્દ્ર : વિકાસ સપ્તાહ

ભચાઉ આરોગ્ય કેન્દ્ર ખાતે તાલુકા હેલ્થ ઓફિસર, સી.એચ.સી ભચાઉ અધિક્ષક અને અર્બન મેડિકલ ઓફિસરના માર્ગદર્શન હેઠળ "વિકાસ સપ્તાહ"ની ઉજવણીના ભાગરૂપે આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય શિબિર, રેલી તેમજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

---

# ગાંધીધામ : સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ

કચ્છના ગાંધીધામ ખાતે સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપનો આજથી પ્રારંભ થશે. 18 ઓક્ટોબર સુધી યોજાનાર ગુજરાત રાજ્ય અને આંતર જિલ્લા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં રાજ્યના ટોચના ખેલાડી ધૈર્ય પરમાર, ચિત્રાક્ષ ભટ્ટ, ફ્રેનાઝ છિપીયા, ઓઇશિકી જોઆરદાર, ફિલઝાહ ફાતીમા કાદરી, અભિલાષ રાવલ, નામના જયસ્વાલ અને જયનિલ મહેતા ભાગ લેશે. દેશની આ પ્રથમ એવી સ્પર્ધા છે, જેમાં ટીમ ઇવેન્ટમાં પણ ઇનામી રકમ અપાશે.

---